## ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન
## બ્લોક નં-૧૨/૨, ગુ.રા., ગાંધીનગર.

**" સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશિપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ " વર્ષ-૨૦૧૯-૨૦ સ્કોલરશિપ યોજના અન્વયે ફ્રેશ તથા રીન્યુઅલના અરજદારને ઓનલાઇન અરજી કરવા બાબત**

" સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશિપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ " યોજના હેઠળ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૯માં લેવાયેલી ધો-૧૨ની વાર્ષિક પરીક્ષામાં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં પ્રથમ પ્રયત્ને ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઇલ મેળવનાર કે જેના વાલીની વાર્ષિક આવક રૂ.૮,૦૦,૦૦૦/- સુધી હોય તેવા વિદ્યાર્થીઓ આ શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકશે. શિષ્યવૃત્તિ માટેની વધુ માહિતી **National e-Scholarship Portal** www.scholarships.gov.in ની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ સુધીમાં જે વિદ્યાર્થીઓએ આ શિષ્યવૃત્તિની યોજના હેઠળ લાભ મેળવેલ છે, તેઓએ **National e-Scholarship Portal** www.scholarships.gov.in ની વેબસાઇટ પર રીન્યુઅલ માટે ઓન-લાઇન અરજી ફોર્મ ભરવાનુ રહેશે. ઉક્ત તમામ વિદ્યાર્થીઓએ તા.૩૧/૧૦/૨૦૧૯ સુધીમાં ફક્ત ઓન-લાઇન પધ્ધતિથી અરજી કરવાની રહેશે. આ શિષ્યવૃત્તિ DBT(Direct Benefit Transfer) હેઠળ મળવાપાત્ર હોઈ, તેઓના બેંક એકાઉન્ટ રાષ્ટ્રીયકૃત બેંકમાં હોય તે અનિવાર્ય છે.

ઓનલાઈન અરજી કર્યા બાદ વિદ્યાર્થીએ જરૂરી ડોક્યુમેન્ટ સાથે જે તે સંસ્થા કે કોલેજમાં વેરીફીકેશન કરાવવું ફરજીયાત છે. તેમજ સંસ્થા કે કોલેજ દ્વારા પણ વિદ્યાર્થીનું ઓનલાઈન વેરીફીકેશન નિયત સમયમર્યાદામાં થાય તે સુનિશ્ચિત કરવાનું રહે છે. આ શિષ્યવૃત્તિના અરજી ફોર્મ કે કોઇપણ પ્રકારના ડોક્યુમેન્ટ અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેતા નથી. આ શિષ્યવૃત્તિમાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ વિદ્યાર્થી કોઈ એક જ શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લઈ શકશે. અત્રેની કચેરીના http://egyan.org.in પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરવા માટેની માહિતી ઉપલબ્ધ છે. ઓનલાઈન ફોર્મ ભરવામાં મુશ્કેલી જણાય તો scholarshipche10@gmail.com પર Mail કરશો.

ઉચ્ચ શિક્ષણ કમિશનર
ગુ.રા., ગાંધીનગર